# મૂર્તિમંત સૌંદર્યના લોકમાં

ખજૂરાહોનાં અદ્‌ભુત સુંદર સ્થાપત્યોની પાછળ આથમતા સૂર્યનાં કિરણોથી પ્રકાશમાન, રતિભાવમગ્ન, રસિક પ્રતિમાઓ વશીભૂત કરી રહી છે. ગાઢ ધુમ્મસ વાતાવરણમાં પ્રસરી રહ્યો છે. દૂરદૂર સુધી પથરાયેલું લીલુંછમ્મ ઘાસ, પવનની લહેરીમાં ડોલતાં સુંદર પુષ્પો અને આસપાસ છવાયેલાં વૃક્ષોને જોતી હું એક શિલા પર બેઠી છું. સાંજના ચાર વાગ્યા છે, પણ રાત્રિ ઊતરવા લાગી હોય એવું અંધકારમાં ડૂબતું ઘેનભર્યું વાતાવરણ અને સંમોહક મૂર્તિકલા.

સુતપાને ફોટોગ્રાફીનો ગજબનો શોખ. જાણે એકેએક શિલ્પને કૅમેરામાં ઉતારી લેવાની તાલાવેલી. હું પણ સનાતન નારીનાં અદ્‌ભુત સૌંદર્યને, લાવણ્યને, અંગમરોડને, ભાવભંગીને, નારીમનના રતિભાવોને, શૃંગારરસિકતાને પથ્થરોમાં વાચા આપી, માનુષજીવનનાં સુકોમળ ભાવસ્પંદનોની કથા રચતાં સ્થાપત્યોને, દર્શનીય શિલ્પોને વારંવાર જોવા ઇચ્છતી હતી, પણ હવે પગ જવાબ આપી ગયા હતા. એ સામેના મંદિરમાં છે, હું બેઠી છું ત્યાંથી મને એ દેખાય છે. એ ક્યારેક-ક્યારેક ફોટા પાડતાં વચ્ચે મારી તરફ ધ્યાન કરી લે છે.

ગઈ કાલે સાંજે ખજૂરાહોના સ્ટેશન પર ઊતર્યાં. કેટલાક વિદેશી સહેલાણીઓ પણ હતા. આજે સવારના ફરવા નીકળ્યાં

છીએ. અતિશય ઠંડી ને વરસાદના છાંટા પણ સવારે પડેલાં. આઠ વાગ્યે ગુપ્તા હોટેલમાંથી બહાર નીકળી રિક્ષાનું નક્કી કર્યું. જો કે સુતપા ખજૂરાહોની શિલ્પકલાથી પ્રભાવિત થઈને આવનાર વ્યક્તિઓમાંની નથી. એને તો જાણે પથ્થરો સાથે જનમ-જનમનો પ્રેમ હોય એવું લાગે. એનું અહીં આવવાનું કારણ એકમાત્ર રૅનેહ ફૉલ, જે ભારતનું મિની ગ્રાન્ડ કેન્યન ગણાય છે. ખજૂરાહોથી થોડે દૂર ઉત્તર-પૂર્વમાં રૅનેહ ફૉલ છે, તો ભારતનું આ ગ્રાન્ડ કેન્યન જોવામાં એને રસ. માત્ર ને માત્ર એ એક જ એનું અહીં આવવાનું કારણ. મેં સાંભળ્યું હતું કે ખજૂરાહો એટલે સુંદર-કમનીય-લયલીન-લાવણ્યમય, કામનિમગ્ન મૂર્તિઓથી મંડિત અતિસુંદર સ્થાપત્યોનો પ્રદેશ. મને એ કલા જોવાનું મન. દેશની અનેકવિધ શિલ્પ-સ્થાપત્ય કલાઓનું આકર્ષણ મને રહ્યું છે અને મારું અહીં આવવાનું એ કારણ, પણ ચાલવાનું હતું સુતપાના પ્લાન પ્રમાણે, એટલે પહેલાં રૅનેહ ફૉલ જવાનું નક્કી થયું. એ નૉન-વેજિટેરિયન છે. ફિશ માટે હંમેશાં તલપાપડ રહે છે, પણ હું શુદ્ધ શાકાહારી. મારા માટે થઈને એણે પણ ક્હાના રેસ્ટોરાંમાં આલુપરાઠાથી ચલાવી લીધું. તરત જ રિક્ષામાં ગોઠવાયાં. હાડ ધ્રુજાવે એવી ઠંડી. જેવી રિક્ષાએ ઝડપ પકડી કે બર્ફિલા પવનની ઝાપટો લાગવા માંડી.

લીલાંછમ્મ ખેતરો, ચોતરફ વનરાજિ વચ્ચે શાંત રસ્તા પર માત્ર રિક્ષાનો અવાજ હતો. મનને અહીંની એક અલગ પ્રકારની શાંતિમાં ગમતું હતું, વચ્ચે નાનકડું ગામ પસાર થયું. રૅનેહ ફૉલ ભારત સરકારના રિઝર્વ ફૉરેસ્ટ એરિયામાં છે. પ્રવેશ-ફી ભરી રિક્ષા અંદર ચાલી. મને હતું કે કોઈ ધોધ હશે. પથ્થરો વચ્ચે થોડો ઊંચેથી પછડાતો હશે, પણ ફૉરેસ્ટમાં આગળ વધતાં જ લાગ્યું કે કુદરતનો કોઈ અદ્ભુત નજારો છે અહીં.

રિક્ષા ફૉરેસ્ટ ઑફિસ પાસે ઊભી રહી. સામેથી એક ચૌદ-પંદર વરસનો છોકરો આવ્યો. એણે કહ્યું, 'મેરા નામ કિશન હૈ, ઔર મેં આપકા ગાઇડ હું.' પ્રવેશ-ફીમાં જ ગાઇડની વ્યવસ્થા આવી જાય છે. હવે એ અમારી સાથે હતો. આગળ વધ્યાં કે જાણે પથ્થરોનો વિશાળ પ્રદેશ! લાવાના પથ્થરો દૂરદૂર સુધી ઊંડી-ઊંડી ખીણો બનાવીને પથરાયા છે. કાળા, આછી બદામી ઝાંયવાળા, આછા પીળા – એવા અલગ-અલગ રંગની લાવાએ રચેલી રંગીન હારમાળા વચ્ચે અનેક જગ્યાએથી ધોધ પછડાય છે. દૂર નજર પહોંચે ત્યાં સુધી પથ્થરોનો વિસ્તાર છે. આગળ એક ફૅન્સિંગ બૉર્ડર સુધી જ જઈ શકાય છે. પછી તો ઊંડી-ઊંડી ખીણો શરૂ થાય છે, ત્યાંથી આગળ વધવાની મનાઈ છે. ગાઇડના કહેવા પ્રમાણે થોડાં વરસો પહેલાં જ્યારે મનાઈ નહોતી ત્યારે એક પરિવાર આ નજારાનો આનંદ લૂંટવા અને સાહસ ખેડવાની વૃત્તિથી વધારે અંદર તરફ ગયેલો. અચાનક જ ઉપરથી એવું તોફાની મિજાજમાં ઘોડાપૂર આવ્યું કે ક્ષણ વારમાં આખો પરિવાર ગાયબ થઈ ગયો. કોઈની લાશ હાથમાં ન આવી. જોઈને જ ખ્યાલ આવે કે આ અફાટ પથ્થરોની ભયાવહ ખીણોમાં કોઈને શોધવા શક્ય નથી. ભય પમાડનારું સૌંદર્ય છે અહીં. એ ઘટના પછી અહીં બૉર્ડરથી આગળ વધવાની કે કોઈ સાહસ ખેડવાની મનાઈ છે. રહસ્યમય ભય અને સૌંદર્યથી ભરેલી કુદરતની લીલા જોઈ વિચાર આવ્યો કે જેણે આ દુનિયાનું સર્જન કર્યું એ કેવો હશે? જેની કલ્પનામાં અસીમ રમ્યતા અને નિઃસીમ રૌદ્ર રૂપો જાગે છે. મેં આકાશ તરફ જોઈને એ જગતનિયંતાનું સ્નેહ સ્મરણ કર્યું. કેન નદીની આ ઊંડી ઘાટીઓ પારદર્શક ગ્રેનાઇટ અને ડોલોમાઇટથી ભરપૂર અગ્નિકૃત ખડકોની બની છે, ઉપરથી કુદરતે વહાવેલો ભવ્ય જળપ્રપાત અને વહી નીકળેલાં અનેક ઝરણાંઓની શૃંખલા જોઈ થાય કે આ વિશ્વ સ્વયં કલ્પનાતીત અજાયબી છે.

અલગ-અલગ જગ્યાએથી જુદાજુદા રંગની ખીણો જોઈ. ખૂબ નવાઈ ને રોમાંચક લાગતું કે એક જ જગ્યાએ, એક જ હારમાળામાં પથ્થરોના વિધવિધ રંગ! સુતપા તો જાણે એક પક્ષી ક્યારનું ચૂપચાપ બેઠું હોય ને અચાનક પાંખો ફફડાવી ઊડવા લાગે એમ એનું ભ્રમણ શરૂ થયું. ગાઇડ કે મારી હેસિયત નહોતી કે એને રોકી શકે. માઉન્ટેન ટ્રેકિંગ માટે એને કેટલી હદે લગાવ છે, એ કોઈ એને અત્યારે જુએ તો જાણી શકે. જુદી જ ખુશી છે એના ચહેરા પર. એ કહે છે કે હું માઉન્ટ એવરેસ્ટ એક વાર જઈશ જ, પણ મેં એની વાતને ત્યારે ધ્યાન પર નહોતી લીધી. એ એક શોખી માઉન્ટેનર છે, એવો ખ્યાલ હતો, પણ પર્વતો ચડવાનો ગાંડો શોખ હશે, એવો સહેજેય ખ્યાલ મારા મનમાં નહીં આવેલો. અત્યારે પથ્થરો પર જે ઝડપથી એ જાય છે, નાચે છે, કૂદે છે અને ખબર નહીં શું જોઈને હસે છે, એને શું દેખાય છે, શું અનુભવે છે – એ વાત તો એ જ જાણે, પણ આ પહેલાં આવી ખુશી અને આવો રંગ મેં એના ચહેરા પર જોયો નથી.

અગિયાર વાગવા આવ્યા ત્યારે ઠંડી થોડી ઓછી થઈ. ગાઢ ધુમ્મસના સ્તરો વચ્ચેથી પથ્થરોનો દુર્દમ વિસ્તાર વધુ દૂર સુધી પથરાયેલો દેખાવા લાગ્યો. કેટલીય વાર સુધી ત્યાં બેઠાં. કિશને કહ્યું કે ચોમાસામાં આ જળપ્રપાત દેખાતો નથી કે નથી આ ઊંડી ખીણો દેખાતી. બધું જ જળપ્રવાહમાં ડૂબી જાય છે, ત્યારે જોવાની મજા કંઈક જુદી છે. પણ હા, એ સમયે આ પથ્થરો અને આવી ખીણો જોવા ન મળે. એણે ખૂબ ઊંડે લપાઈને પડેલા મગરમચ્છ દૂરબીનથી બતાવ્યા. અહીંનાં પક્ષી અને વૃક્ષો વિશે વાત કરી. ઘડિયાળ બનાવવા માટે વપરાતા પથ્થરો બતાવ્યા. સુતપા પ્રપાતને જોવામાં મગ્ન હતી. એને વાતોમાં રસ નહોતો. દિવસ જઈ રહ્યો હતો. મારે મંદિરો જોવા હતાં.

અહીંના ફૉરેસ્ટમાં પ્રાણી-પક્ષી પણ જોવા હતાં. એને ખેંચીને હું લઈ આવી.

ફૉરેસ્ટમાં ગાઢ વૃક્ષ-વનરાજિ નથી, છતાં ઊંચાં વૃક્ષો અને ઝાડીઓથી વાતાવરણ મજાનું છે. ધીમેધીમે રિક્ષા ચાલે. કિશન પ્રાણી-પક્ષીને બતાવે. જંગલી વાનરો ખૂબ તોફાન મચાવતા હતા. સુતપા ઘડીએ-ઘડીએ નીચે ઊતરે, જોવા દોડે, ફોટા પાડે. અહીં ખતરનાક નીલગાય, જંગલી ભુંડ, વાંદરા અને મોર જોવા મળે. મારો ચિંતાભર્યો સ્વર એને પાછી વાળવામાં સફળ નહોતો જતો. ત્રણ દિવસથી સાથે છું, પણ આવું મિજાજી રૂપ જોયું નહોતું. રિક્ષાવાળાને અને કિશનને એ વારંવાર કહેતી કે એ ફરીફરી અહીં રૅનેહ ફૉલ જોવા આવશે. એના ચહેરા પરની ખુશી ને આંખોની ચમક હું જોઈ શકતી હતી, જે આંખો એવરેસ્ટનાં સપનાં જુએ છે, એ પ્રકૃતિની કેવી ચાહક છે!

મેં કહ્યું કે મને મંદિરો જોવાની ખૂબ ઇચ્છા છે, ત્યારે મારી ઇચ્છાને ધ્યાને લઈ, કેટલીય ચૂમીઓ રૅનેહ ફૉલ તરફ હવામાં ઊડાવી વિદાય લીધી. કિશનને રસ્તામાં આવતાં ગામમાં ઊતરવાનું હતું, એટલે એ પણ સાથે હતો. ઠંડી એટલી કે સમયનો કોઈ ખ્યાલ રહેતો નહોતો. પછી એ રિક્ષાવાળા સાથે વાતો કરવા લાગી. રિક્ષાવાળાનાં લગ્ન કોઈ ફ્રાન્સની સુંદર કન્યા સાથે થયાં છે, એ વાત સાંભળીને મારા કાન ચમક્યા. એણે કહ્યું કે આ રિક્ષા એના ભાઈની છે, એનો ભાઈ અન્યત્ર ગયો હોવાથી એ પોતે આવ્યો છે. નહીંતર એ અહીં ખજૂરાહો મંદિરનો ગાઇડ છે અને પોતાની હોટેલ પણ ચલાવે છે. ફ્રાન્સથી ફરવા આવેલી કોઈ એક લેડીનો એ ગાઇડ બનેલો ને એ યાત્રા પ્રેમમાં પરિણમી. અત્યારે એ એની પત્ની બની, ભારતીય સાડીમાં જ એની સાથે અહીં જ રહે છે. આ ભાઈ ફ્રાન્સમાં પોતાના સાસરે પણ જઈ આવ્યા છે.